RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 269* Date: 27.07.2022, Wednesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## અમદાવાદ જિલ્લામાં લઠ્ઠાકાંડથી ૩૧ લોકોનાં મૃત્યુથી હાહાકાર: ૩૮ લોકો હજુ હૉસ્પિટલમાં સારવાર હેઠળ

(એઆર.એલ),અમદાવાદ,તા.૨૬

બરવાળાના લઠ્ઠાકાંડનો મૃત્યુઆંક ધીરે ધીરે વધી રહ્યો છે. લઠ્ઠાકાંડનો મૃત્યુઆંક વધીને ૩૧ પર પહોંચ્યો છે. લોકોનાં ઝેરી દારૂ પીવાથી મૃત્યુ થયા થયા છે. હાલ બોટાદ, અમદાવાદ, ભાવનગરની વિવિધ હોસ્પિટલમાં દર્દીઓ લઠ્ઠાકાંડના દર્દીઓ દાખલ છે. હજુ પણ મૃત્યુઆંક વધી શકે છે.

બોટાદના બરવાળાનું રોજિદ ગામ લઠ્ઠાકાંડનુ મુખ્ય સેન્ટર હતું. મૃતકોમાં સૌથી વધુ બરવાળાના હોવાથી અહીં ચારેતરફ દર્દનાક માહોલ જોવા મળી રહ્યો છે. કોઈએ પિતા, તો કોઈએ પુત્ર, તો કોઈએ પતિ ગુમાવ્યો. ત્યારે આજે બરવાળાના મૃતકોને આજે અગ્નિદાહ અપાતા ગામમાં ગમગીની છવાઈ ગઈ છે. રોજિદ ગામમાં હાલ ઝેરી કેમિકલ પીને મોતથી ભેટનારા મૃતદેહોને લાવવામાં આવ્યા હતાં રોજિંદ ગામનો મૃત્યુ આંક ૯ પર પહોંચ્યો છે. હાલ ૫ મૃતદેહોને એકસાથે અગ્નિદાહ અપાયો હતો ટ્રેક્ટરમાં એકસાથે ૫ મૃતદેહોની અંતિમયાત્રા નીકળી હતી આ સમયે આક્રંદથી સમગ્ર ગામ દ્રવી ઉઠ્યું છે. હજી પણ અનેક મૃતદેહો સ્મશાન ભૂમિ પર આવશે.

બોટાદ જીલ્લાના બરવાળા તાલુકાના રોજિદ અને આજુબાજુના ગામોમાં ઝેરી દારૂ પીવાની ઘટનાએ રાજ્યભરમાં ભારે ચકચાર જગાવી છે. આ બનાવમાં ભોગ બનેલા પૈકી હાલ ૩૮ લોકોને વધુ સારવાર માટે ભાવનગરની સર.ટી. હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. હજુ પણ બોટાદ અને ધંધુકા પંથકમાંથી સારવાર માટે ભાવનગર લાવવામાં આવી રહ્યા છે. જ્યારે મોતનો આંક હજુ પણ વધે તેવી પૂરી શકયતા છે.

બોટાદ જીલ્લાના રોજીદ-ચંદરવા-દેવગણા સહિતના ગામો અને ધંધુકા પંથકના અણીયાળી, ઉચડી, આકરું સહિતના અન્ય ગામોમાં ઝેરી દારૂ પીવાથી અનેક લોકોની તબિયત લથડી હતી. આ બનાવના પગલે ભોગ બનનાર લોકોને તાકીદે સારવાર માટે બોટાદ અને ધંધુકા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે સાંજના સુમારે અનેક લોકોને ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે વધુ સારવાર માટે ભાવનગરની સર.ટી.હોસ્પિટલમાં વધુ સારવાર માટે ખસેડવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી અને રાત્રિના ૧ વાગ્યા સુધીમાં ૩૮ લોકોને અહી લાવવામાં આવ્યા હતા.

બોટાદમાં ઝેરી દારૂકાંડ મામલે આરોગ્ય ટીમ એક્શનમાં આવી છે. રોજીદ ગામમાં હજી અન્ય કેટલા લોકો ઝેરી દારુની અસરમાં આવ્યા છે, તેની આરોગ્યની ટીમે તપાસમાં ગોઠવાઈ છે. ગત રોજ નશો કરેલા હોય તેવી વ્યક્તિઓને શોધવામાં આવી રહ્યાં છે.

બરવાળાના રોજીદ ગામે સર્જાયેલા લઠ્ઠાકાંડમાં ૨૭ લોકોના મોત બાદ પોલીસે ફરિયાદ નોંધ્યા બાદ પહેલુ એક્શન લીધુ છે. વાયરલ



ઓડિયો ક્લિપમાં જે મહિલા એએસઆઈનો રોલ સામે આવ્યો છે તેની બદલી કરવાના આદેશ છૂટ્યા છે. મહિલા છજીૈં આસમીબાનુ ઝડકીલાની હેડ ક્વાર્ટરમાં બદલી કરાઈ છે. મહિલા છજીૈં ની ઓડિયો ક્લિપ વાયરલ થઈ હતી. જેમાં તેની લઠ્ઠાકાંડના હપ્તામાં સંડોવણી ખૂલી છે.

બરવાળાના લઠ્ઠાકાંડ મામલે એક પછી એક ચોંકાવનારા ખુલાસા થઈ રહ્યાં છે. જેમાં જે દારૂ પીવાયો હતો તેમાં ૮૦ ટકા કેમિકલ હોવાનો ખુલાસો થયો છે. ઝેરી દારૂ અંગે એફએસએલએ ગૃહ વિભાગમાં રિપોર્ટ રજૂ કર્યો છે. જેથી સાબિત થયુ છે કે, મૃતકોએ દારૂ નહિ પણ સીધેસીધુ કેમિકલ જ પીધુ હતું. જે મિથેનોલ કેમિકલ ૨૭ લોકોના મોતનો સામાન બન્યો તે ખરીદવામાં નહિ, પણ ચોરવામાં આવ્યુ હતું. ક્રાઈમ બ્રાન્ચની કસ્ટડીમાં આવેલા આરોપી જયેશે ૨૦૦ લિટર કેમિકલથી ભરેલા કન્ટેનરમાંથી થોડા પ્રમાણમાં મિથાઈલ કેમિકલ ચોર્યું હોવાનો ઘટસ્ફોટ કર્યો છે. જયેશ ૨૦૦ લીટર કેમિકલના ૬૦,૦૦૦ આપ્યા હતા. તો બીજી તરફ, લઠ્ઠાકાંડ મામલે મુખ્યમંત્રીએ રાજ્યના પોલીસ વડા સાથે વાતચીત કરી છે. તાત્કાલિક ધોરણે તપાસ તથા રિપોર્ટ રજૂ કરવા આદેશ કર્યો છે. તેમજ અસર ગ્રસ્તોને તાત્કાલિક સારવાર મળે એ માટે પણ તંત્રને સૂચના અપાઈ છે.

ગુજરાત પોલીસનો દાવો કે માર્યા ગયેલા લોકોએ દારૂ નહિ પરંતુ સીધું જ કેમિકલ પીધું હતું. સંજય પિન્ટુ અને તેના સાગરીતો દારૂની કોથળીઓના બદલામાં સીધું જ કેમિકલ લોકોને વેચી દીધુ હોવાનું સામે આવ્યુ છે. જે તેમના મોતનું કારણ બન્યુ હતું. આમ, મૃતકોએ દારૂ નહીં સીધું કેમિકલ પીધું હતું. દારૂની કોથળીના બદલામાં આરોપીઓ કેમિકલ વેચતા હતા. સંજય, પિન્ટુ અને તેના સાગરીતોએ લોકોને દારૂના બદલામાં કેમિકલ વેંચ્યુ હતું. આ સાથે જ મુખ્ય આરોપી જયેશે કેમિકલ ચોર્યુ હોવાનો ખુલાસો પોલીસ પુછપરછમાં કર્યો છે. છે.

## દુર્ઘટનામાં માર્યા ગયેલા કાંવડિયાઓના પરિવારને ૫૦-૫૦ લાખનું વળતર મળવું જોઇએ : આઝમ ખાન

લખનૌ,તા.૨૬

સપા નેતા અને રામપુરના ધારાસભ્ય આઝમ ખાને કેન્દ્રની મોદી અને યુપીની યોગી સરકાર પર ઈશારામાં પ્રહારો કરતા કહ્યું કે સરકારે દુર્ઘટનામાં માર્યા ગયેલા કાંવડિયાઓના પરિવારજનોને ૫૦-૫૦ લાખ રૂપિયાનું વળતર આપવું જોઈએ. આ તેમના માટે યોગ્ય ભરપાઇ અને યોગ્ય શ્રધ્ધાંજલિ હશે.એક તરફ સરકાર કાંવડિયાઓ પર હેલીકોપ્ટરથી પુષ્પા કરી રહી છે અને બીજી તરફ દુર્ઘટનામાં જીવ ગુમાવનારાઓને ફકત એક લાખનું વળતર આપી રહી છે.તેમણે કહ્યું હતું કે જેવો દેખાડો છે તેવું જ વળતર મળવું જોઇએ

સપા નેતાએ કહ્યું કે જો આ કાંવડિયાઓનું સન્માન છે તો તેમના મૃત્યુ બાદ પણ તેમના સન્માનને સમ્માનથી જીવતુ રાખવું જોઇએ તેમણે કહ્યું કે હું ઇચ્છુ છું કે યુપી સરકાર તે તમામ કાંવડિયાઓના પરિવારને ૫૦ લાખનું વળતર આપે જેના દુર્ઘટનામાં જીવ ગયા છે.આ સાથે જ ૫૦ લાખનનું વળતર કેન્દ્ર સરકાર આપે તેમણે કહ્યું કે આ યોગ્ય ભરપાઇ અને શ્રધ્ધાંજલિ પણ હશે.

આઝમખાને કહ્યું કે જયારે કોઇ પણ ધર્મ,ધર્મ એટલે કે ધાર્મિક લોકોને નુકસાન થાય છે તે કોઇ દ્વારા હોય કે કોઇ અન્ય રીતે જાહેર છે કે આપણને દુખ થાય છે અને હ્દય પણ ધ્રુજી ઉઠે છે સપા નેતાએ કહ્યું કે કાંવિડીયાઓના જે રીતે મોત થયા છે તે અફસોસજનક અને દર્દનાક છે આ સાથે આપણા બધા માટે એક સવાલ પણ બને છે.તેમણે કહ્યું કે ધર્મના કામ માટે નિકળેલા લોકોનું સન્માન થાય આ બધાની જવાબદારી છે.સપા નેતાએ કહ્યું કે ધર્મ આસ્થા રાખનારાઓની સાથે હમદર્દી હોય તે પણ બધાની જવાબદારી છે.

એ યાદ રહે કે હરિદ્વારમાં અલગ અલગ દુર્ઘટનાઓમાં સાત કાંવડીયાઓના મોત નિપજયા છે. માર્ગના કિનારે સુઇ રહેલા બે કાંવડીયીઓની ઉપર કાર ચઢાવી દેવામાં આવી હતી જેથી તેમના મોત નિપજયા હતાં.

## કર્ણાટકની ચુંટણીને એક વર્ષ બાકી છે છતાં ભાજપ કોંગ્રેસના નેતાઓ વચ્ચે ખેંચતાણ શરૂ

### કોંગ્રેસના નેતા સિધ્ધારમૈયા અને ડી કે શિવકુમારની વચ્ચે તિરાડ જોવા મળી રહી છે.

બેંગ્લુરૂ,તા.૨૬

કર્ણાટકમાં વિધાનસભા ચુંટણી માટે હજુ એક વર્ષ બાકી છે પરંતુ અત્યારથી અહીં કોંગ્રેસ અને ભાજપ બંન્ને જ પક્ષોમાં આંતરિક ખેંચતાણ શરૂ થઇ ગઇ છે.વર્ષ ૨૦૧૯માં કોંગ્રેસના કર્ણાટકની સત્તામાંથી બહાર થયા બાદથી સિધ્ધારમૈયા વિરૂધ્ધ ડી કે શિવકુમારની વચ્ચે લડાઇ શરૂ થઇ ગઇ હતી જે હવે જાહેરમાં સામે આવી રહી છે.કર્ણાટકમાં સિધ્ધારમૈયા અને ડી કે શિવકુમાર બંન્ને નેતા આગમી ચુંટણીમાં ખુદને મુખ્યમંત્રીના ઉમેદવાર તરીકે રજુ કરી રહ્યાં છે બંન્ને નેતાઓના સમર્થક પણ પોત પોતાના નેતાઓને કોંગ્રેસ પાર્ટીથી રાજયના ભાવી મુખ્યમંત્રીના રૂપમાં પ્રચારિત કરી રહ્યાં છે.

વોકકાલિગા સમુદાયના પ્રભાવશાળી નેતા શિવકુમારે ખુદ મુખ્યમંત્રી બને તે માટે વોકકાલિગા મતદારોને મજબુત કરવાનું કામ શરૂ કરી દીધુ છે જયારે સિધ્ધારમૈયાના વફાદાર જમીર અહમદે ટીકા કરી છે.અહમદનનું કહેવુ છે કે ફકત એક સમુદાયના સમર્થનથી કોઇ પણ આગામી મુખ્યમંત્રી બની જતુ નથી

બીજીબાજુ ભાજપમાં લિગાયત નેતા બી એસ યેદિયુરપ્પાએ હાઇકમાન્ડની પરવાહ કર્યા વિના જ પોતાની બેઠક પોતાના પુત્રના નામે કરી દીધી છે.કર્ણાટકમાં ભાજપની પહેલી સરકારના મુખ્યમંત્રી યેદિયુરપ્પા જયારે નારાજ થઇ ભાજપથી અલગ થઇ ગયા હતાં ત્યારે ૨૦૧૩માં ભાજપ ચુંટણી હારી ગઇ હતી.નરેન્દ્ર મોદી વડાપ્રધાન બનતા જ તેમની ભાજપમાં વાપસી થઇ હતી પરંતુ એકવાર ફરી તેઓ નારાજ જોવા મળી રહ્યાં છે.મુખ્યમંત્રી પદ



પરથી તેમને ઉમરનો હવાલો આપી હટાવી દેવામાં આવ્યા હતાં આવામાં ૭૯ વર્ષના બી એસ યેદિયુરપ્પાએ હવે પોતાના પુત્રને પોતાનો વારિસ જાહેર કરી દીધો છે અને તેમની બેઠક પર વિજયેન્દ્ર ચુંટણી લડશે તેવી જાહેરાત કરી દીધી છે.હાલ તેમનો પુત્ર વિજયેદ્ર પાર્ટી સંગઠનમાં છે.જો કે તેમની આ જાહેરાતથી ભાજપ હાઇકમાન્ડ અને પ્રદેશ સંગઠન નારાજ છે જો કે ભાજપનું કહેવુ છે કે પાર્ટીની અંદર બધુ બરાબર ચાલી રહ્યું છે. બંન્ને પાર્ટી નેતાઓના કામ અને નિવેદનથી જાણવા મળે છે કે એક તરફ ભાજપમાં આંતરિક ખેંચતાણ ચાલી રહી છે તો બીજી તરફ કોંગ્રેસમાં મુખ્યમંત્રી પદની હોડ ચાલી રહી છે.પૂર્વ મુખ્યમંત્રી સિધ્ધારમૈયા અને વર્તમાન કેપીસીસ અધ્યક્ષ ડી કે શિવકુમારની વચ્ચે જેમણે એમ કહી નવેસરથી વિવાદ ઉભો કરી દીધો કે તે વોકકાલિંગા છે જેની વસ્તી ૧૫ ટકા છે.આવામાં તેમને મુખ્યમંત્રી કોણ બનાવશે સિધ્ધારમૈયા ખુદ ઓબીસી કેટેગરીથી છે.

## ઝારખંડમાં મુખ્યમંત્રી હેમંત સોરેન ભાજપને મોટા ઝટકો આપવાની તૈયારીમાં

રાંચી.તા.૨૬

ઝારખંડના મુખ્યમંત્રી હેમંત સોરેનની પાર્ટી જેએમએમ (ઝારખંડ મુક્તિ મોરચા) ભારતીય જનતા પાર્ટીને મોટો ઝટકો આપી શકે છે. જેએમએમનો દાવો છે કે ભાજપના ૧૬ ધારાસભ્યો તેમના સંપર્કમાં છે. આ તમામ ધારાસભ્યો રાજયની હેમંત સોરેન સરકારને પોતાનું સમર્થન આપી શકે છે. જેએમએમના મહાસચિવ સુપ્રિયો ભટ્ટાચાર્યએ કહ્યું કે અન્ય પક્ષોને ઝટકો આપનાર ભારતીય જનતા પાર્ટીને હવે ઝારખંડમાં ઝટકો લાગવા જઈ રહ્યો છે. રાજયમાં ભાજપના ૧૬ ધારાસભ્યો અમારા સંપર્કમાં છે. તેઓ ગમે ત્યારે હેમંત સોરેન સરકારને પોતાનુ સમર્થન આપી શકે છે. સુપ્રિયો ભટ્ટાચાર્યના નિવેદન બાદ ભાજપમાં હલચલ મચી ગઈ છે. જો કે ભાજપે કહ્યું કે અમારા ધારાસભ્યો જ અમારી સાથે છે. તે ક્યાંય જવાના નથી.

એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન, જેએમએમના જનરલ સેક્રેટરી સુપ્રિયો ભટ્ટાચાર્યને મીડિયા કર્મચારીઓ દ્વારા પૂછવામાં આવ્યું હતુ કે શું મુખ્ય પ્રધાન હેમંત સોરેન સરકારને કોઈ ખતરો છે, કારણ કે ભાજપ કોંગ્રેસના ધારાસભ્યોને છૂપાવવાનો પ્રયાસ કરી રહી છે. આ પ્રશ્નનો જવાબ આપતા કોંગ્રેસના ધારાસભ્યો સુપ્રિયો ભટ્ટાચાર્ય સિવાય ભાજપના ૧૬ ધારાસભ્યો પોતે અમારા સંપર્કમાં છે. તેઓ પોતાના જ પક્ષમાં ગૂંગળામણ અનુભવી રહ્યા છે. તેથી જ હેમંત સોરેન સરકારને પોતાનો ટેકો આપવા માંગે છે.

જેએમએમના જનરલ સેક્રેટરી સુપ્રિયો ભટ્ટાચાર્યએ કહ્યું કે આ તમામ ૧૬ ધારાસભ્યો ભાજપથી અલગ થઈ જશે અને પોતાનો અલગ જૂથ બનાવશે.

જે બાદ હેમંત સોરેન સરકારને પોતાનું સમર્થન આપી શકે છે. જો કે આ ધારાસભ્યોના પ્રસ્તાવ પર અમારી પાર્ટી કમિટી વિચારણા કરશે કે આ ધારાસભ્યોનો ટેકો લેવો કે નહીં. હજુ સુધી આ ધારાસભ્યો તરફથી કોઈ ઔપચારિક પ્રસ્તાવ મોકલવામાં આવ્યો નથી.

## હિજાબ પહેરેલી મહિલાઓને નોકરી મેળવવામાં મુશ્કેલી : ચોંકાવનારો સર્વે



નવીદિલ્હી,તા.૨૬

ભારતના કર્ણાટકમાં હિજાબનો વિવાદ એટલો ઉગ્ર બન્યો છે કે હવે આ મુદ્દો સુપ્રીમ કોર્ટમાં છે. સોશિયલ મીડિયા પર હિજાબ સતત ટ્રેન્ડ કરી રહ્યો છે. કર્ણાટક હાઈકોર્ટે શાળાઓમાં હિજાબ પર પ્રતિબંધ મૂકવાના નિર્ણયને યોગ્ય ઠેરવ્યો છે. હવે મામલો સુપ્રીમ કોર્ટમાં પડયો છે. બીજી તરફ ઘણા ઈસ્લામિક દેશોમાં મહિલાઓએ હિજાબ સામે બળવો કર્યો છે. ૧૨ જુલાઈના રોજ, જ્યારે ઈરાન હિજાબને શુદ્ધતા સાથે સાંકળતા દિવસની ઉજવણી કરી રહ્યું હતું, ત્યારે ઈરાની મહિલાઓએ હિજાબ હટાવીને પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. વિરોધ સમયાંતરે ચાલુ રહે છે. આશરે ૪૫ મિલિયન મહિલાઓની વસ્તી ધરાવતા ઈરાનમાં મોટી સંખ્યામાં મહિલાઓ હિજાબની વિરુદ્ધ છે. તે નોટટુહિજાબ અભિયાન ચલાવી રહી છે. આ દરમિયાન યુરોપમાં હિજાબને લઈને એક સર્વે કરવામાં આવ્યો છે. તે મુજબ હિજાબ પહેરેલી મહિલાઓને નોકરી મેળવવામાં મુશ્કેલીનો સામનો કરવો પડે છે. વાંચો શું કહે છે સર્વે રિપોર્ટપ યુરોપિયન સોશિયોલોજિકલ રિવ્યુમાં પ્રકાશિત થયેલા અભ્યાસમાં, સંશોધકોએ એક ક્ષેત્ર પ્રયોગ હાથ ધર્યો હતો. તે દર્શાવે છે કે હિજાબ પહેરીને પોતાની ઓળખ છુપાવતી મુસ્લિમ મહિલાઓને નેધરલેન્ડ અને જર્મનીમાં નોકરીની શોધમાં ગ્રાહકો અને ગ્રાહકોની જાહેર ટિપ્પણીઓનો સામનો કરવો પડ્યો હતો. સંશોધકોએ અભ્યાસ માટે ઉમેદવારોના જૂથની પસંદગી કરી હતી. દરેક તરફથી નોકરી માટે બે અરજીઓ કરવામાં આવી હતી. તેની સાથે હિજાબ પણ હતો, જે તેની ધાર્મિક ઓળખ છતી કરતો હતો. બીજો તો તેનાથી વિપરીત હતો. એટલે કે અરજદારે ન તો હિજાબ પહેર્યો હતો અને ન તો એવું કહી શકાય કે તે મુસ્લિમ છે. આ અરજીઓ સીધી ક્લાયન્ટ-ગ્રાહક આધારિત સેવાની નોકરીઓ માટે હતી જેમ કે હેર ડ્રેસર, દુકાન સહાયક અને વેચાણ પ્રતિનિધિ.નેધરલેન્ડ્સમાં, ધાર્મિક ઓળખ દર્શાવતી લગભગ ૭૦% નોકરીઓએ હકારાત્મક પ્રતિભાવ દર્શાવ્યો હતો. પરંતુ હિજાબ પહેરેલા ફોટો ધરાવતી અરજીઓ માટે આ જ ગુણોત્તર માત્ર ૩૫% હતો. એ જ રીતે, જર્મનીમાં, હિજાબ વિનાની ૫૩% મુસ્લિમ મહિલાઓને નોકરીદાતાઓ તરફથી હકારાત્મક પ્રતિસાદ મળ્યો, જ્યારે માત્ર ૨૫% હિજાબ સ્ત્રીઓને હકારાત્મક પ્રતિસાદ મળ્યો. નેધરલેન્ડ્સમાં પણ આ જ ચોંકાવનારો સર્વે બહાર આવ્યો. હિજાબ પહેરેલી તસવીર સાથે નોકરી માટે અરજી કરનાર ૬૫ ટકા મુસ્લિમ મહિલાઓને ઇન્ટરવ્યુ માટે પણ બોલાવવામાં આવી ન હતી. સ્પેન અને જર્મનીમાં પણ આવી જ સ્થિતિ જોવા મળી હતી.

## ૨૦૨૧-૨૨માં પેટ્રોલના ભાવ ૭૮ વખત તો ડીઝલના ભાવ ૭૬ વખત વધ્યા,માત્ર સાત વાર ઘટાડો થયો છે : આપ સાંસદ રાધવ ચઢ્ઢા

નવીદિલ્હી,તા.૨૬

નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ દરમિયાન દેશમાં પેટ્રોલના ભાવ ૭૮ વખત અને ડીઝલના ભાવમાં ૭૬ વખત વધારો કરવામાં આવ્યો છે.જયારે આ દરમિયાન પેટ્રોલના ભાવમાં ફકત ચાર અને ડીઝલના ભાવમાં ૧૦ વખત ઘટાડો થયો છે.પેટ્રોલના મામલામાં ૨૮૦ દિવસ એવા રહ્યાં જયારે કોઇ પરિવર્તન આવ્યું નથી જયારે ડીઝલના મામલામાં ૨૭૯ દિવસ આ શ્રેણીમાં રહ્યાં જયારે ભાવમાં ફેરફાર થયો નહીં

મોદી સરકારથી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પરિવર્તનને લઇ આપ સાંસદ રાધવ ચઢ્ઢાએ સવાલ પુછયો હતો તેમનો સરકારને સવાલ હતો કે કેટલી વખત ૨૦૨૧-૨૨ દરમિયાન પેટ્રોલ અને ડીઝલનના ભાવ વધ્યા છે.૨૦૧૬ બાદ સરકારે કેટલું મહેસુલ એકત્રિત કર્યું છે.આપ સાંસદનો આરોપ છે કે સરકાર પેટ્રોલ અને ડીઝલના ભાવ પોતાની સગવડ પ્રમાણે વધારી દે છે.વૈશ્વિક બજારમાં ભાવ ઓછા હોવા છતાં પણ ભારતમાં વધારો થાય છે.સંસદના ચોમાસુ સત્રમાં રાધવ ચઢ્ઢાએ પહેલા પણ સરકારને પેટ્રોલ ડીઝલ પર એકસાઇઝ ડયુટીને લઇ સવાલ પુછયો હતો કેન્દ્ર સરકારે જવાબમાં કહ્યું હતું કે ગત છ વર્ષોમાં ૧૬ લાખ કરોડ રૂપિયાની કમાણી થઇ રાધવ ચઢ્ઢાએ કહ્યું કે સરકારે આ પૈસાનો ઉપયોગ મોટા ઉદ્યોગપતિઓના દેવા ચુકવવા માટે કર્યો.તેમણે કહ્યું કે જો તમે ભારતના અનેક રાજયોના બજેટને મિલાવી દો તે આ કદાચ ૧૬ લાખ કરોડ રૂપિયાના આંકડાને પાર કરશે નહીંકાચા તેલના ભાવમાં ગત અઠવાડીયે ઘટાડો થયો હતો પરંતુ આપણા દેશમાં ગત લગગભ એક મહીનાથી પેટ્રોલ અને ડીઝલના ભાવ સ્થિર છે.કેન્દ્રે એકસાઇઝ ડયુટીમાં થોડી રાહત આપી હતી.

## ઈડીએ દેશમાં આતંક મચાવ્યો છે : અશોક ગેહલોત

જયપુર,તા.૨૬

રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે કોંગ્રેસના વચગાળાના અધ્યક્ષ સોનિયા ગાંધીની ઈડીની પૂછપરછ પર નારાજગી વ્યક્ત કરી છે. અશોક ગેહલોતે તપાસ એજન્સી પર ગંભીર આરોપ લગાવતા કહ્યું છે કે ઈડીએ દેશમાં આતંક મચાવ્યો છે.

આ અંતર્ગત રાજસ્થાનના સીએમ અશોક ગેહલોતે કહ્યું કે, એજન્સીઓની વિશ્વસનીયતા બગડી રહી છે. બધાને ડર લાગે છે જ્યારે દરોડો પડે છે, ત્યારે તેની સંપૂર્ણ પુષ્ટિ થાય છે, તેઓ હેરાન કરે છે, કશું મળતું પણ નથી, એજન્સીઓની વિશ્વસનીયતા ખતમ થઈ રહી છે, ઈડીએ દેશમાં ખળભળાટ મચાવ્યો છે. તેની પાસે ઘણી શક્તિ છે, એજન્સી પોતાને અલગ માની રહી છે, પહેલા રાહુલ ગાંધીને પાંચ વાર ફોન કર્યો, હવે તે વારંવાર સોનિયાજીને બોલાવે છે.

જણાવી દઈએ કે આ પહેલા ગુરુવારે જયારે ઈડીએ સોનિયા ગાંધીની પૂછપરછ કરી હતી, ત્યારે પણ કોંગ્રેસના નેતાઓ અને કાર્યકરોએ જોરદાર વિરોધ કર્યો હતો.

## તંત્રી સ્થાનેથી...

# હવે મંકીપોક્સ!

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠન (ડબ્લ્યુએચઓ)એ મંકીપોક્સ રોગને લઈને ગ્લોબલ હેલ્થ ઈમરજન્સીની જાહેરાત કરી દીધી છે. તેનો મતલબ છે કે હવે મંકીપોક્સ દુનિયાભરમાં ઝડપથી ફેલાઈ શકે છે. આ એ દેશોમાં પણ પહોંચી રહ્યો છે, જ્યાં અત્યાર સુધી તેનો કોઈ કેસ નથી જોવા મળ્યો. છેલ્લા એક મહિનામાં આ રોગ સંબંધિત કેસોની સંખ્યા વધીને પાંચ ગણી થઈ ગઈ છે. મંકીપોક્સ વિશે હજુ ઘણી ઓછી જાણકારી ઉપલબ્ધ છે. તેને કારણે માણસોનું સ્વાસ્થ્ય ખતરામાં છે. તેથી આંતરરાષ્ટ્રીય સ્તર પર એક સાથે મળીને તમામ દેશોએ તેના વિરુદ્ધ સંઘર્ષ કરવાની જરૂર છે. આના પહેલાં જાન્યુઆરી ૨૦૨૦માં ડબ્લ્યુએચઓ દ્વારા કોરોના ગ્લોબલ હેલ્થ ઈમરજન્સી જાહેર કરી હતી. ભારતમાં અત્યાર સુધી મંકીપોક્સના ચાર કેસો સામે આવ્યા છે, જેમાં ત્રણ દર્દી કેરળમાં મળ્યા અને ચોથો દર્દી દિલ્હીમાં મળી આવ્યો છે. કેરળમાં જોવામાં આવેલ મંકીપોક્સના ત્રણેય દર્દીઓ યુએઈથી પાછા ફર્યા હતા અને ત્યાં તેઓ કોઈ સંક્રમિત દર્દીના સંપર્કમાં આવ્યા હતા, પરંતુ દિલ્હીમાં સંક્રમિત થયેલા ચોથા દર્દીની તો કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી પણ નથી જોવા મળી.

મંકીપોક્સ અત્યાર સુધી દુનિયાભરમાં ૭૫ દેશો સુધી પહોંચી ચૂક્યો છે. તેના ૧૬ હજાર કેસો સામે આવ્યા છે, જેમાં લગભગ ૮૦ ટકા કેસ માત્ર યુરોપમાં છે. અમેરિકામાં પણ તેની ભારે અસર જોવા મળી રહી છે. તેના પહેલાં ત્યાં મંકીપોક્સ ક્યારેય નહોતો ફેલાયો. અમેરિકાના સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ (સીડીસી) અનુસાર ૧૯૫૮માં આ રોગ પહેલી વાર સામે આવ્યો હતો. અસલમાં રિસર્ચ માટે રાખવામાં આવેલા વાનરોમાં તે જોવા મળ્યો હતો. એ વાનરોમાં શીતળા જેવી બીમારીનાં લક્ષણો દેખાયાં હતાં. તેથી એ બીમારીનું નામ મંકીપોક્સ રાખવામાં આવ્યું. મંકીપોક્સનો ઈક્યૂબેશન પીરિયડ ૬થી ૧૩ દિવસ હોઈ શકે છે. તેનો મતલબ વાયરસથી સંક્રમિત થયા બાદ રોગના લક્ષણ દેખાવામાં એટલા દિવસ લાગી શકે છે. મંકીપોક્સથી ગ્રસ્ત થયાના પાંચ દિવસની અંદર રોગીને તાવ, માથાનો દુ:ખાવો, સોજા, પેટમાં દુ:ખાવો, માંસપેશિઓમાં દર્દ અને થાક જેવી મુશ્કેલીઓ અનુભવાય છે. શરૂઆતમાં આ ચિકનપોક્સ, ઓરી-અછબ જેવો દેખાય છે. તાવ આવતાં એકથી ત્રણ દિવસ બાદ તેની અસર ત્વચા પર દેખાવી શરૂ થઈ જાય છે. શરીર પર દાણા ફૂટી નીકળે છે. હાથ-પગ, હથેળીઓ, પગનાં તળિયાં અને ચહેરા પર નાના-નાના દાણા નીકળી આવે છે. આ બંનેની સંખ્યા થોડા કે હજારોમાં હોઇ શકે છે. આ દાણા ઘા જેવા દેખાય છે અને સૂકાઈને ખરી પડે છે. પરંતુ જો સંક્રમણ ગંભીર હોય તો આ દાણા ત્યાં સુધી ઠીક નથી થતા, જ્યાં સુધી ત્વચા ઢીલી ન થઈ જાય.

# કથિત લઠ્ઠાકાંડ કેસમાં તમામ આરોપીએ રાઉન્ડઅપ કરીને એફઆઈઆર કરી છે: પોલીસ વડા

## ૨૬ જુલાઈના રોજ કોમ્બીંગ પણ કરાયુ હતું. દારૂનો જથ્થો પણ પકડીને નાશ કરાયો હતો

ગાંધીનગર,તા.૨૬

ગુજરાતના બરવાળાના રોજીદ ગામે થયેલા કથિત લઠ્ઠાકાંડ કેસમાં પોલીસ વડા આશિષ ભાટિયાએ પ્રેસ કોન્ફરન્સ સંબોધી હતી. જેમાં તેમણે કેમિકલ કંપનીમાંથી લાવવાથી લઈને કેવી રીતે લોકોના પેટમાં પહોંચ્યુ તેની માહિતી આપી હતી. તેમણે કહ્યું હતું કે કથિત લઠ્ઠાકાંડ કેસમાં સરકાર દ્વારા ત્રણ સભ્યોની કમિટી બનાવવામાં આવી છે. કમિટી યુદ્ધના ધોરણે ઘટનાની વિગતવાર તપાસ હાથ ધરીને સરકારને સમગ્ર રિપોર્ટ સોંપશે.



ડીજીપી આશિષ ભાટિયાએ કહ્યુ કે, ગઈકાલે બપોરે અમારી પાસે માહિતી આવી હતીકે અમદાવાદના ધંધુકા ના ગ્રામ્ય વિસ્તારમાં ૨-૩ લોકોને હોસ્પિટલમાં દાખલ કર્યા છે. જેનાં આધારે પોલીસ અધિકારીઓને ત્યાં મોકલવામાં આવ્યા હતા. ત્યાં વિગત મળી હતી કે, તેમણે કેમિકલ પીધો હોવાની જાણકારી મળી, અને તેની અસર થઈ છે તેવી માહિતી મળી હતી. તેના બાદ તપાસ વધતા જાણવા મળ્યુ કે, બોટાદના અનેક ગામોમાં આ રીતે લોકોએ કેમિકલ પીધુ છે. તેની અસર લોકોને થઈ છે. બનાવને પર્દાફાશ કરાયો છે. ૨૪ કલાકની અંદર ગુનો ડિટેક્ટ કરાયો છે. તમામ આરોપીએ રાઉન્ડઅપ કરીને એફઆઈઆર કરી છે. ૪૬૦ લીટર મિથાઈલ આલ્કોહોલ કબજે કરાયુ છે. રિપોર્ટમાં ૯૯ ટકા મિથાઈલ છે તે સ્પષ્ટ થયુ છે.

આ વિશે ડીજીપી એ કહ્યુ કે, જયેશ ઉર્ફે રાજુ અસ્લાલીના આમોઝ નામની કંપનીમાં કામ કરે છે. તે આ કંપનીમાં ગોડાઉનનો ઈન્ચાર્જ હતો. તે તેના પરિવાર સાથે અહી જ રહે છે. આ કંપનીના ગોડાઉનમાં મિથાઈલ આલ્કોહોલના બેરલ મૂકાય છે. જયેશના પિતરાઈ ભાઈ સંજય નગોઈનો રહેવાસી છે. બંનેએ મળીને કેમિકલ કાંડને અંજામ આપ્યો હતો. જયેશે ૨૨ તારીખે ૬૦૦ લીટર કેમિકલ ગોડાઉનમાઁથી ચોરી કરીને સંજયને ૪૦ હજારમાં વેચ્યુ હતું. તગડી ફાટક પાસે તેણે કેમિકલ સંજયને સપ્લાય કર્યુ હતું. સંજયનો સગો ભાઈ વિનોદ પણ તેમાં સામેલ હતો. બંનેએ મળીને ૬૦૦ લીટર કેમિકલ અલગ અલગ લોકોને સપ્લાય કર્યુ હતું. જેમાં પિન્ટુને ૨૦૦ લીટર આપ્યુ હતું. તો ૨૦૦ લીટર કેમિકલ નગોઈના બીજા શખ્સ અજિત દિલીપને આપ્યુ હતું અને ૨૦૦ લીટર પોતે રાખ્યુ હતું. પીન્ટુએ આગળ ૨૦૦ લીટર કેમિકલ રૈયા ગામના ભગવાન નારાયણ, વલ્લભ, જટુભા, ગજુબેન, વિપુલ વિનુને આપ્યુ હતું. આ રીતે ૬૦૦ લીટર મિથાઈલ આલ્કોહોલનુ ડિસ્ટ્રીબ્યુશન થયુ હતું. ચોંકાવનારી વાત તો એ છે કે, કેમિકલ ખરીદનાર વિપુલ વિનુ પણ તે પીને મૃત્યુ પામ્યો છે.

આશિષ ભાટિયાએ જણાવ્યુ કે, આ એક ઈન્ડસ્ટ્રીય કેમિકલ છે, જેનો ઉપયોગ પેઈન્ટ, પ્લાયવુડ ઈન્ડસ્ટ્રીઝમાં થાય છે. પરંતુ આ લોકોએ આ રીતે સપ્લાય કરીને જેના કારણે લોકોને અસર પડી છે. અત્યાર સુધી કુલ ૨૨ બોટાદના અને અમદાવાદ રુરલના ૬ લોકોના મોત થયા છે. ૩૧ જણાના મોત થયા છે. ૨ હજી શંકાસ્પદ મોત છે. આ ઉપરાંત ભાવનગર અને અમદાવદા હોસ્પિટલમાં સારવાર છે, હાલ તેઓની સ્થિતિ સારી છે. બરવાળા, અમદાવાદ રુરલમાં અને રાણપુરા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાયો છે.

તેમણે કહ્યુ કે, કેમિકલ દારૂમાં મિક્સ નથી કર્યુ, પણ પાણીમાં ઈન્ડસ્ટ્રીયલ સોલવન્ટ મિક્સ કરીને તેને બનાવાયુ હતું. કેમિકલમાં પાણી મિક્સ કરીને સીધેસીધુ પી ગયા. તેમને ખબર ન હતી કે ઈન્ડસ્ટ્રીય યુઝ માટે થાય છે. ઈન્ડસ્ટ્રીયલ સોલવન્ટના ગેરઉપયોગનુ આ પરિણામ છે. જયેશે પહેલીવાર આ રીતે ચોરી કરીને કેમિકલ સપ્લાય કર્યુ હતું. જયેશ પોતે જ ગોડાઉનનો ઈન્ચાર્જ છે. ચોરી બે દિવસ પહેલા જ કરી હતી, તેથી તેના માલિકને આ વિશે જાણ ન હતી. જયેશે ૬૦૦ લીટર સોલવન્ટને ૪૦ હજારમાં વેચ્યુ હતું. સરપંચે આ વિશે અગાઉ જાણ કરી હતી તે વિશે તેમણે કહ્યુ કે, તેમની અરજી માર્ચ મહિનામા આવી હતી. તેના બાદ અમે રેડ પણ પાડી હતી. સ્થાનિક ૨ બુટલેગર પર કાર્યવાહી, એકની સામે તડીપારની કાર્યવાહી કરી હતી. ૨૬ જુલાઈના રોજ કોમ્બીંગ પણ કરાયુ હતું. દારૂનો જથ્થો પણ પકડીને નાશ કરાયો હતો.

# સત્ય ની આંખે (ભાગ- ૨૧)

## દેશ વિદેશમાં વસતા કેટલાક પરિવારોની છેતરપિંડીની સત્યતા




આજના યુગમાં કેટલાક પરિવારોમાં પોતાના હલકા માનસિક વિચારો ના લીધે સામાજિક વિચ્છેદન જલ્દી જોવા મળે છે. એવા પણ કેટલાક પરિવાર છે કે જેમને દીકરી નથી. એટલે એમનામાં દીકરી એટલે શું એ સાચા અર્થે મા ખબર જ નથી. ખાલી દેખાવ, ઢોંગ કરીને દીકરો દીકરી કરવું એ દેખાડો છે. દુનિયાને બતાવવવનો. એવા કેટલાક પરિવાર છે જે વિદેશમાં તો રહે છે. પણ, ભારતમાં આવવાનું ભૂલતા નથી. ભારતીય લોકો સાથે સંબંધ રાખે છે. ભારતીય છોકરી ઓ ગમે છે. પોતાના વિદેશી ડાયમંડ દીકરા માટે પણ કેટલાક વિદેશી પરિવાર ને ભારતીય વહુ જોઈએ છે.પોતાના વધુ પડતા ઉચ્ચ શિક્ષણ વાળા ઓર્થોડોક્સ વિચારો વાળા છોકરા માટે. કેટલાય વિદેશી પરિવાર એવા છે કે ભારતમાં આવી સારા બધી રીતે હોવાનો દેખાવ કરે છે. અને ભારતીય કેટલાક પરિવાર આ વિદેશી માયાજાળ પરિવારમાં ફસાઈ જાય છે. ભારતમાં લગ્ન કરી વિદેશ લઈ જઈ ને વિદેશી કેટલાય પરિવાર પોતાની અસલીયત બતાવે છે.

વિદેશમાં કેટલાય પરિવાર એવાં છે આજે કે પોતાની વહુ ને દીકરી કરતાં વિશેષ રાખે છે. ભારતથી લગ્ન કરી આવેલી નવી વહુ ને જરાય દુઃખ કે મેણા ટોણાં મારતાં નથી. નવી વહુ પણ બધીજ રીતે પ્રયત્ન કરે છે રીતરિવાજો મા ઘડાવવા માટે. પણ, કેટલાક વિદેશી પરિવાર મેન્ટલી ખૂબ ટોર્ચર કરતાં હોય છે. આવા કેટલાક લાગણી વિના ના વિદેશી પરિવારો નવી વહુ ના અરમાન, એના સ્વપ્ન ના ચૂરેચૂરા કરી નાખે છે. આવા કેટલાય વિદેશી પરિવારો ભારતીય વહુ પોતાના વિદેશમાં લાવી વહુ ને બધીજ બાબતોમાં રોકટોક અને કોઈ જ શાંતિ નહિં. વિદેશી પરિવારો ને ભારતીય વહુ તો લાવવી છે પણ એના વિચારો, એ શું ઈચ્છે છે એનું કોઈ મહત્વ નહીં. ભારતીય વહુ પોતાના સંસ્કાર ના લીધે માબાપ ને કાઈ કહેતી નથી હોતી.

કેટલાક વિદેશી પરિવારો પોતાના દીકરાના વખાણ કરવામાં હોશિયાર હોય છે. બસ અમે કહીએ એજ સાચું એવું માને.વિદેશી પરિવારો એમ કહે છે કે મારો દીકરો ઉચ્ચ શિક્ષણ વાળો, ખૂબ મોટો બિઝનેસમેન છે. ખૂબ કમાણી કરે છે. એના કામમાં કાયમ વ્યસ્ત હોય છે. સમય નથી હોતા આવા વિદેશી પરિવારો નબીરા પતિ ઓ પાસે. પણ આવા વિદેશી પરિવારો એ પોતાના દીકરાના લગ્ન કર્યા પછી વિચારવું જોઈએ કે વહુ પણ ખૂબ ભણેલી ઉચ્ચ શિક્ષણ અને બધીજ રીતે ઘડાયેલી, હોશિયાર અને ખરાબ સંસ્કાર વાળી નથી. આવા વિદેશી પરિવારો ને ગૌરવ હોવું જોઈએ કે મારા દીકરા ની સમકક્ષ વહુ દીકરી રૂપે મળી છે. વિદેશી અને પોતાને સારો બિઝનેસ મેન કહેતા પતિ એ પત્ની નું સ્થાન શું હોવું જોઈએ એનું ભાન હોવું જોઈએ. પત્ની ની જરૂરીયાતો શું છે, આવા પતિ એ તો પોતને ભાગ્યશાળી માનવું જોઈએ કે આવી હોશિયાર પત્ની મળી છે. પણ આવા પરિવારો પોતાની વહુ ને બધંન મા રાખવા માગે છે. પતિ ને પણ પોતાના પત્ની ની કોઈ જવાબદારી લેવી નથી. કેટલાક પરિવારો પોતાની વહુ ની જરાય ચિંતા, લાગણી હોતી નથી. આવા વિદેશી પરિવારો એ પોતાના દીકરાના લગ્ન ક્યારેય ના કરવા જોઈએ. જેને કોઈ સમજણ નથી પતિ પત્ની એટલે શું?પતિ તરીકેની કોઈ ફરજનું ભાન નથી. આવા વિદેશી પરિવારો ના દીકરાઓમાં શારીરિક, માનસિક કેટલાય પ્રોબ્લેમ્સ હોય છે. પોતાના દીકરાના અવગુણ પહેલા જોવાના હોય પછી દીકરાની વહુ ને શીખામણ અપાય. દરેક માબાપ ને પોતાના દીકરા સારાં લાગે આટલાં દીકરામાં પ્રોબ્લેમ્સ હોય એ દેખાય નહીં. એવા પણ વિદેશી પરિવારો છે કે પોતાના જ દીકરાનું લગ્ન જીવન બગાડે છે.કેટલાય પરિવારોમાં સાસુ સસરા વહુ ના માબાપ સારા બની નથી શકતાં. કેટલીક સાસુઓ પણ એવા હોય છે કે વહુ ની સારી મા કે સાસુ તરીકે કોઈ જ ફરજ નિભાવતી નથી. બસ પોતાના રૂઢિચુસ્ત વિચારો કામના લીધે પોતાના જ દીકરાનું લગ્ન જીવન બગાડે છે. માટે આવા પરિવારો વિદેશમાં હોય તો દીકરી કોને કહેવા જાય? સાસુ જો મા નું સ્થાન લઈ પ્રેમ થી વહુ ની તકલીફો ને સમજી ને ચાલે તો આ જમાનામાં કેટલાય પતિ પત્ની નું લગ્ન જીવન સુધરી જાય.

પણ, કેટલાક વિદેશી પરિવારો જાણતા હોય છે કે દીકરાની વહુ આટલી હોશિયાર છે મારા દીકરા કરતાં, એ ગમતું નથી. બસ કોઈ પણ બહાના કાઢી એના પર ટોર્ચર કર્યા કરે. આ ભારતીય વહુ આવું ભારતમાં પણ આવા ઓર્થોડોક્સ વિચારો જોયા ના હોય. હવે તો ભારતીય સાસુ સસરા પરિવાર સુધરી ગયા છે વહુ ને દીકરી તરીકે સ્થાન અપાય. પણ કેટલાક વિદેશી પરિવારો ભારતીય વહુ ને લાવી પોતાની જોહુકમી ચલાવી પોતાના દીકરાનું લગ્ન જીવન તોડે છે. માટે આવા વિદેશી પરિવારોને ખૂબ સુધરવાની જરૂર છે. પોતાના દીકરામાં ઠેકાણા ના હોય તો કોઈ ની દીકરીને વહુ ના બનાવાય.જે પરિવારમાં માબાપ પોતાનાં દીકરામાં રહેલી ખામીઓ છુપાવી લગ્ન કરે છે.એવા કેટલાય પરિવાર છે જે આવા ઢોંગ કરી લગ્ન કરે છે. પણ હંમેશા સત્ય નો વિજય થા છે. કુદરત કોઈ ને છોડતી નથી. આજના સમયમાં કેટલાક વિદેશી પરિવારોમાં માણસાઈ જેવું હોતું નથી. ખાલી સારા હોવાનો દેખાડો કરતાં હોય છે.

મીનાક્ષી રાવલ
ગાંધીનગર

# વલસાડમાં આસીસ્ટન્ટ ઈલેક્ટ્રીકલ ઈન્સ્પેક્ટર ૨૦ હજારની લાંચ લેતા ઝડપાયો

વલસાડ,તા.૨૬

વલસાડ જિલ્લામાં ઈલેક્ટ્રિકના કોન્ટ્રાક્ટરે એક ખાનગી કંપનીમાં ઈલેક્ટ્રિક સિસ્ટમ ઈસ્ટ્રોલ કરવા માટે સંબંધિત અધિકારી પાસેથી પરવાનગી માંગી હતી. કચેરીના આસિસ્ટન્ટ અધિકારીએ સુપરવિઝન કર્યા બાદ કોન્ટ્રાક્ટર પાસેથી ઈન્ટ્રોલેશન પરમિશન રિપોર્ટ આપવા માટે રૂ. ૨૦ હજારની લાંચની માંગણી કરી હતી. ત્યારે કોન્ટ્રાક્ટર લાંચ આપવા માંગતા ન હોવાથી એસીબીની કચેરીનો સંપર્ક કર્યો હતો. જેથી એસીબીએ લાંચનું છટકું ગોઠવ્યું હતું. જેમાં આસિસ્ટન્ટ ઈલેક્ટ્રિકલ ઈસ્પેક્ટર રૂ.૨૦ હજારની લાંચ લેતા ઝડપાયો હતો.

વલસાડ જિલ્લામાં એક ઈલેક્ટ્રીક કોન્ટ્રાકટનું લાયસન્સ ધરાવતા કોન્ટ્રાક્ટર ખાનગી કંપનીઓ પાસેથી ઈલેક્ટ્રીકને લગતા કામો રાખે છે. આ કામના ફરીયાદીએ એક ખાનગી કંપનીએ કરેલા બાંધકામમાં ઈલેક્ટ્રીક સિસ્ટમ ઈન્સ્ટોલેશન કરવા માટેનું કામ રાખ્યું હતું. જે કામ બાબતે જરૂરી કાર્યવાહી કરી જરૂરી દસ્તાવેજો સાથે આસીસ્ટન્ટ ઈલેક્ટ્રીકલ ઈન્સ્પેક્ટર અમિતકુમાર કાંતિલાલ પટેલને એક અરજી કરી સ્થળ નીરીક્ષણ કરી જરૂરી ઈલેક્ટ્રિક સિસ્ટમ ઈન્ટ્રોલેશન કરવા અંગે પરવાનગી માંગી હતી.આ અનુસંધાને આ કામના આરોપી અમિત પટેલે સ્થળ વિઝીટ કરી ઈન્સ્પેકશન કર્યું હતું. જેમાં ઈન્સ્પેકશનનું પ્રમાણપત્ર મેળવવા તેમજ અન્ય એક ખાનગી કંપનીમાં વાર્ષિક ઈલેક્ટ્રીક ઈન્સ્ટોલેશન ઈન્સ્પેકશન રીપોર્ટ ઉપર સહી સિક્કા કરાવવાની કાર્યવાહી કરી હતી. ગઈ તા. ૧૮મી જુલાઈ ૨૦૨૨ના રોજ ઉપરોક્ત કામો બાબતે ઈન્સ્પેકશન પ્રમાણપત્ર અને વાર્ષિક ઈલેક્ટ્રીક ઈન્સ્ટોલેશન ઈન્સ્પેકશન રીપોર્ટ ઉપર સહી સિક્કા કરાવવા પેટે અમિતકુમાર પટેલે કુલ રૂપિયા ૨૦ હજારની લાંચની માંગણી કરી હતી. જે લાંચની રકમ ફરીયાદી આપવા માંગતા ના હોય જેથી એસીબીની ટીમનો સંપર્ક કરી ફરીયાદ આપી હતી. જે ફરિયાદના આધારે એસીબીએ લાંચના છટકાનું આયોજન કરતા અમિતકુમાર પટેલ પોતાની ઓફીસમાં ફરીયાદી પાસે હેતુલક્ષી વાતચીત કરી લાંચની માંગણી કરી હતી અને ફરિયાદીએ એસીબીની ટીમે જણાવ્યા મુજબ રૂ. ૨૦ હજારની લાંચ આપી હતી.

## અરવિંદ કેજરીવાલે સોમનાથ મહાદેવને શીશ ઝુકાવી ધ્વજારોહણ સાથે પ્રાર્થના કરી

ગીરસોમનાથ,તા.૨૬

ગુજરાત વિધાનસભાની ચુંટણી નજીક આવી રહી છે તેમ રાજકીય પક્ષોના નેતાઓના પ્રવાસ વધી ગયા છે. ત્યારે આમ આદમી પાર્ટીના નેતા એવા દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલ સોમવારની રાત્રીના સોમનાથ પહોંચી રોકાણ કર્યુ હતુ. બાદ આજે સવારે રાજ્યના આપ પાર્ટીના નેતાઓ સાથે કેજરીવાલ સોમનાથ મંદિરે પહોંચી મહાદેવની પૂજા-અર્ચના સાથે ધ્વજાપુજા કરી દેશ અને દેશવાસીઓની સુખ શાંતિ માટે પ્રાર્થના કરી હતી. આ તકે આપના ગોપાલ ઈટાલીયા, ઈસુદાન ગઢવી, પ્રવીણ રામ, જગમાલભાઈ વાળા સહિતના અગ્રણીઓ સાથે રહ્યાં હતા.

મહાદેવને શીશ ઝુકાવી બહાર નીકળ્યા બાદ અરવિંદ કેજરીવાલએ મિડીયા સાથે વાતચીતમાં જણાવેલ કે, સોમનાથ મહાદેવના સાનિધ્યે ભક્તિ કરવા જ આવ્યા છીએ. જેથી અહીં રાજકારણની કોઈ વાત નહીં કરવાનું કહી સ્પષ્ટ ના પાડી દીધી હતી. દેશની અને લોકોની પ્રગતિ માટે મહાદેવને પ્રાર્થના કરી છે. બોટાદની ઘટના દુઃખ દાયી છે જેમાં ૩૧ થી વધુના લોકોના મૃત્યુ થયુ છે. તેમના આત્માને શાંતિ અર્પે એવી તેવી તેમજ સારવારમાં ગંભીર અવસ્થામાં રહેલા તમામ લોકો સ્વસ્થ થાય તેવી પ્રાર્થના કરી છે.

# મંથન..માનવ જીવનનો ઉદ્દેશ્ય-૨

સાંસારીક દ્રષ્ટિએ કે શારિરીક રૂપરેખાથી મનુષ્ય અન્ય યોનિઓથી શ્રેષ્ઠ નથી પરંતુ દરેક રીતે નાનો છે તેમ છતાં મનુષ્ય યોનિને સર્વશ્રેષ્ઠ? માનવામાં આવે છે એટલે તેના જીવનનો ઉદ્દેશ્ય ચોક્કસ અન્ય યોનિઓથી અલગ હશે જ..!

આ સંદર્ભમાં વસ્તુસ્થિતિનો અન્ય પક્ષો સાથે મૂલ્યાંકન કરવું પડશે જેથી અમો મનુષ્યને સાચી રીતે સમજી શકીએ અને તેના શ્રેષ્ઠ હોવાના રહસ્ય ઉપરથી પડદો ઉઠાવી શકીએ.સર્વપ્રથમ મનુષ્યના વાસ્તવિક સ્વરૂપને જાણવું આવશ્યક છે.મનુષ્યના શરીરને જ મનુષ્ય માની લેવો યોગ્ય નથી કારણ કે શરીર તો મનુષ્યને પ્રગટ કરવાનું સાધન માત્ર છે.જ્યારે વાસ્તવિક મનુષ્ય તેમાં કામ કરતો બંધ થઈ જશે તો..! આ શરીરનું અસ્તિત્વ વ્યર્થ થઈ જાય છે,તેને મડદું કહેવામાં આવે છે અને થોડા સમય પહેલાં સજાવવાનો ભરચક પ્રયત્ન કરવામાં આવતો હતો તે જ શરીરને દફનાવવાની કે બાળવાની તૈયારીઓ શરૂ કરવામાં આવે છે.શરીરના અંગો મુખ અને હાથ જે થોડા સમય પહેલાં બીજાનો સર્વનાશ કરવાની જાહેરાત કરી રહ્યા હતા તે ઠંડા પડીને પોતાની દુર્દશા અને અસમર્થતા માટે રડી પણ શકતાં નથી.થોડાજ સમયમાં મનુષ્યા શરીરને કાયમના માટે આંખોથી દૂર કરી દેવામાં આવે છે,જમીનમાં દફનાવી દેવામાં આવે છે કે લાકડાથી સળગાવી દેવામાં આવે છે.મોટા મોટા અહંકારી રાજાઓ શૂરવીરો વૈજ્ઞાનિકો મહાત્માઓ તમામના શરીરોનો આ રીતે જે અંત લાવવામાં આવે છે.ફુલ જેવા નાજૂક સુંદરતાની સાક્ષાત મૂર્તિ આકર્ષક સુંદરીઓના શરીરોની પણ આવી જ દશા થાય છે,આવી સ્થિતિમાં આ શરીરનું કોઈ વિશેષ મહત્વ જણાતું નથી એટલે આ શરીરને ઉચ્ચત્તમ પદવી આપવામાં આવતી નથી અથવા તેને એમ કહેવાય કે મનુષ્ય યોનિની શ્રેષ્ઠતા મનુષ્ય શરીરના લીધે નથી.દેહાવસાન પછી તમામ એમ કહે છે કે આ ફલાણા વ્યક્તિની લાશ છે.તેનાથી સ્પષ્ટ થાય છે કે વ્યક્તિ કોઈ બીજો હતો અને શરીર કોઈ બીજી વસ્તુ છે એટલે શરીર એ મનુષ્યનું વાસ્તવિક સ્વરૂપ નથી.

ઉપરોક્ત વિવેચન પછી વિચારવાનું એ છે કે શરીરમાં કોન રહે છે..? જેને મનુષ્ય નામ આપવામાં આવ્યું છે..? વાસ્તવમાં શરીરરૂપી સાધનનો ઉપયોગ કરનાર જીવ છે..જે મન બુધ્ધિ દ્વારા ઉત્પન્ન થયેલ અહમભાવથી આ શરીરમાં પ્રગટ થાય છે,કાર્ય કરે છે અને પ્રકૃતિના નિયમ અનુસાર છેલ્લે તેને છોડી દે છે. મનનું કાર્ય છે સંકલ્પ-વિકલ્પ કરવા,બુધ્ધિ તેને પુરા કરવા માટે પ્રયત્ન કરે છે,નવી નવી તકો શોધે છે, નવી નવી શોધ કરે છે,નવી નવી ધારણાઓને જન્મ આપે છે,અલગ અલગ પક્ષો ઉપર વિચાર કરે છે અને નિર્ણયોને ક્રિયાન્વિત કરવા માટે અહમને જાગૃત કરે છે.આ અહમ મન અને બુધ્ધિની ત્રિપુટી જ જીવનના સંઘર્ષ માટે જવાબદાર છે.જીવનમાંની સફળતા અને વિફળતાનું મૂળ કારણ છે.સૃષ્ટિમાં થતી સમગ્ર ઉથલપાથલ આ ત્રિપુટીના કૃત્યનું જ ફળ છે.આ ત્રિપુટી સૃષ્ટ્રિની દરેક નાની મોટી ચીજો ઉપર અધિકાર જમાવવાની ક્ષમતા ધરાવે છે અને તેને પોતાના આધિન કરવા માટે સક્ષમ છે.આટલું હોવા છતાં તેને જ મનુષ્યની શ્રેષ્ઠનતાનું પ્રતિક માનવામાં આવતું નથી કારણ કે તેનાં કાર્યો પણ અન્ય યોનિઓ દ્વારા કરવામાં આવતાં કર્મોનું સુધારેલ રૂપ છે.માત્ર કર્મફળની સમાનતાને..કર્મ કરવાની પધ્ધતિમાંની ભિન્નતા બદલી શકતી નથી.પ્રકૃતિના વિષય ભોગોના ફળ બદલાવાના નથી.આનાથી કોઈને શ્રેષ્ઠતા પ્રાપ્તિ થતી નથી એટલે આના લીધે પણ મનુષ્યને શ્રેષ્ઠ કહેવાય નહી.

આ સંસાર પ્રભુ પરમાત્માએ પાંચ તત્વો:પૃથ્વી પાણી અગ્નિ વાયુ અને આકાશથી બનાવ્યો છે.આ પાંચ તત્વો જ આ સૃષ્ટ્રિની રચનામાં મૂળ સાધનો છે.સૃષ્ટ્રિની દરેક રચના તેના કોઈને કોઈ ભાગના મિશ્રણનું ફળ છે તેનું કારણ એ છે કે સમગ્ર સૃષ્ટ્રિ સૃષ્ટ્રાને આધિન છે.સ્વાભાવિક કે વ્યવહારીક રૂપથી ક્યારેક તેમાં મતભેદ દેખાય છે પરંતુ વાસ્તવમાં તેનું મંતવ્ય એક જ છે અને તે એ છે કે રચનહાર દ્વારા બતાવેલ નિયમોનું પાલન કરવું. મનુષ્યને પણ આ પાંચ તત્વોથી બનાવવામાં આવ્યો છે. એક વિશેષતા અવશ્ય છે કે તેમાં પાંચ તત્વો હાજર છે.મનુષ્યમાં અન્ય રચનાઓથી વિશેષ સમજદારી છે,તેની પાસે સૌથી મોટી વિવેકરૂપી ભેટ છે.આ વિવેકનો ઉપયોગ તે કેવી રીતે કરે છે જે માટે ઈશ્વરે તેને સ્વતંત્રતા આપેલી છે.આ અધિકાર તેને કોઈ વિશેષ ઉદ્દેશ્યની પૂર્તિ માટે જ આપ્યો હશે, નહી તો સાધારણ જીવનયાપનના સાધનોની પુર્તિ માટે તો સ્વાભાવિક ક્રિયાઓ જ પૂરતી હોય છે.પ્રભુ પરમાત્માએ દરેક પ્રાણીને જીવન જીવવાની રીત બતાવવા સમગ્ર પ્રકૃતિને આદર્શ રૂપમાં બનાવેલી છે.તેને વધુ સુધારવા..સજાવવા તથા પ્રકૃતિના ગર્ભમાં છુપાયેલા લાખો રહસ્યોને શોધી કાઢવા કદાચ મનુષ્યોને વિવેક આપ્યો.,જેથી તે રહસ્યોને શોધી તેના દ્વારા પ્રકૃતિની સ્વાભાવિક સકારાત્મક વૃત્તિને અનુરૂપ દરેક પ્રાણીને લાભ પહોચાડી શકે..તમામના માટે સુખ સુવિધાઓ મેળવવાનો પ્રયાસ કરે તે જ મનુષ્યના જીવનનો ઉદ્દેશ્ય જણાય છે.આ ઉદ્દેશ્યની પ્રાપ્તિના માટે મનુષ્યને એટલા બધા અધિકાર આપવામાં આવ્યા છે અને કર્મની આટલી સ્વતંત્રતા આપવામાં આવી છે.સ્વતંત્રતાનો દુરઉપયોગ કરીને સમન્વય..પરસ્પર તાલમેલ તથા પ્રાણીમાત્ર ઉપર ઉપકાર કરવાના બદલે ફક્ત પોતાના વિકાસના માટે બીજાઓને આધિન કરવાનું શરૂ કરી દીધું.તેના ફળ સ્વરૂપે તે ક્રૂર બનતો ગયો.સ્વાર્થી બનતો ગયો.સકારાત્મક વૃત્તિઓનું સ્થાન ઋણાત્મક વૃત્તિઓએ લેતાં ટકરાવ પેદા થયો. એકબીજાને નીચે પાડવાની પ્રવૃત્તિ વધવા લાગી.લડાઈ..ઝઘડાઓ..તોફાનો સર્વનાશ કરવા લાગ્યા.પ્રકૃતિનું સંતુલન બગડવા લાગ્યું.ભય..આતંક અને અવિશ્વાસની ભાવનાઓથી ચારે બાજુ વાતાવરણ દૂષિત થવા લાગ્યું,તેમાં એક આશ્ચર્યજનક તથ્ય એ છે કે જે વેજ્ઞાનિકોએ પોતાના વિવેક દ્વારા પ્રકૃતિના રહસ્યો ઉપરથી પડદો ઉઠાવ્યો અને રોજે રોજ જે નવી શોધખોળ કરી તેમાં ક્યારેય ટકરાવ ઉત્પન્ન ન થયો, તેમાં અતૂટ સબંધ બનેલો જ રહ્યો, તે એક બીજાના પરીક્ષણોથી પૂરેપુરો લાભ ઉઠાવીને પ્રાણીમાત્રની સેવા કરવા તલ્લીન રહ્યા પરંતુ તેમની શોધખોળોએ તેમને પોતાની સ્વાર્થ સિધ્ધિનું સાધન બનાવવાવાળા વિવેક રહીત પુરૂષોમાં અહંકાર ઉત્પન્ન કરીને તેમને વિનાશની તરફ વાળી દીધા.આપણે બધા જાણીએ છીએ કે વિદ્યુતશક્તિની શોધ કરનાર વૈજ્ઞાનિકોએ ઘેર ઘેર પ્રકાશ પાથરવાનું વિચાર્યુ અને તે શક્તિથી મશીનો ચલાવવા..પંખા કુલર તથા આ સિવાય અનેક લાભદાયક કામોમાં ઉપયોગ કરવાની રીત શીખવી પરંતુ વિવેકહીન મનુષ્યોએ તે જ રેડીયાઈ તરંગોથી માનવ સમાજના વિનાશ કરવાની યોજના બનાવી.અણુમાં ઉર્જા છે તે શોધીને વૈજ્ઞાનિકોએ મનુષ્યને ચાંદ તારાઓ ગ્રહો સુધી જવાનો માર્ગ બતાવ્યો.મનુષ્યને કેટલાય પ્રકારના યંત્ર બનાવવા માટે સુવિધા પ્રદાન કરી પરંતુ સ્વાર્થી અને અહંકારી તત્વોએ તેમાંથી અણુબોમ્બ બનાવીને પ્રાણીમાત્રના સર્વનાશ માટે રસ્તો કાઢ્યો. ભાવ એ છે કે જે મનુષ્ય પોતાના વિવેકને ઈશ્વરીય વરદાન સમજ્યા અને ઈશ્વરીય ઈચ્છાને અનુરૂપ સકારાત્મક વૃત્તિને અપનાવી તેમના કર્મ માનવમાત્રના માટે લાભદાયક સિધ્ધ થયા અને જેમને પોતાના પરીશ્રમ અને બુધ્ધિ ચતુરાઈને પોતાનો અધિકાર માન્યો તે નકારાત્મક પ્રવૃત્તિનો શિકાર બની ગયો.ઈશ્વરનું મંતવ્ય,જીવન અને મનુષ્યનો ઉદ્દેશ્ય..આ જીવનની ઉત્પત્તિ પાલન પોષણ અને સુરક્ષાનો છે અને આ ઉદ્દેશ્યની પૂર્તિના માટે અન્ય જીવોની તેમજ મનુષ્યની પણ રચના કરવામાં આવી છે.પ્રભુ પરમાત્માએ તેમની સૃષ્ટ્રિની રચનામાં સહાયક બનવા માટે મનુષ્યને સ્વતંત્રતા આપેલી છે એટલા માટે મનુષ્ય જીવનનો ઉદ્દેશ્ય પણ આ રચનામાં સકારાત્મક સાધન લગાવવાનો છે તેને સુખોથી ભરવાનો છે તેને તોડવાનો પ્રયાસ કરવાનો નથી.

મનુષ્ય જ્યારે પોતાના વિવેકથી સૃષ્ટ્રિમાં છુપાયેલા રહસ્યોને ખોલવા માટે પ્રયત્ન કરે છે તો તેને સ્વંય પોતાની રચના..પોતાના અસ્તિત્વનું વિશ્લેષણ કરવાનો અવસર મળી જાય છે તેને લાગે છે કે હું દેખાઉં છું તે નથી..હું શરીર નથી..હું જીવ નથી અને હું વિવેક પણ નથી.. તો પછી હું શું છું..? આ પ્રશ્નનો જવાબ શોધવામાં વિવેકી પુરૂષ પોતે પોતાનામાં એ અનુભવ કરે છે કે સકારાત્મક રીત જ મને કેમ પસંદ છે..? પરોપકાર સેવા મિલવર્તન સહિષ્ણુતા વગેરે ગુણોની પ્રેરણા મને કોન આપે છે..? દરેકને ઉપયોગી બનવાની ઈચ્છા કેમ ઉત્પન્ન થાય છે..? અહંકાર ઘૃણા ઈર્ષ્યા હિંસા વગેરે અવગુણોથી હું કેમ બચવાનો પ્રયત્ન કરૂં છું..?

વિનોદભાઈ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ



NOG SS No : 0082

વિષય : જુની પેઢીનુ યોગદાન ,
મહત્વ અને નવી પેઢીની
જુની પેઢી પરત્વે કૌવત
નિષ્ઠા,

પ્રકાર : ગદ્ય ,

અનાદિકાળથી ભારતવર્ષँમા સામુહિક જીવન પ્ણાલી થી ઊત્રોત્ર જીવનજીવવાનું મહત્વને પ્ધાનતા મળેલ છે,

સામાજિક રિવાજો , રૂઢિચુસ્ત જીવનપ્ણાલીથી મુક્તિ, અને સૌથી અગત્યનું માનસિક એકાકણાપણુ, આ સર્વँ ના રિતીરિવાજ મુજબની પરિસ્થિતી મુજબ જીવવાની એષણા થી, સામાજિક વિચછેદન થતા આ સમાજ પશ્ચિમની સંસ્કૃતિ તરફ આગળ વધ્યો છે,

દિકરા દીકરીને હવે ફાટેલા કપડાં
પહેરી જાહેરમાં ફરે તોય છોછ જેવુ દેખાતા નથી,
કુટુંબભાવના હવે લગભગ મરી પરવારી છે,
માતાપિતા અને ધરના વડીલ પ્તયે
જે આદર્શ, આદર, વ્યવહાર દશય
માન જે ધરમા દેખાય, તે ધર ને ઉત્તમ અને સંસ્કારી સમજવું,
દરેક માતાપિતા પોતાના ધરમા
આવતી નવ દુલહનને પુત્રી સમાન સ્થાન આપેતો તેમના જીવનનો
અંતિમ સમય આનંદથી પસાર થાય છે,
દરેક માતાપિતાએ પૂત્ર પૌત્રાદિકને
કરકસરના પાઠ જીવનની શુભ શરૂઆતમાં વિનમ્રતાથી શીખવવા જોઈએ ,
અત્યન્ત વૈભવશાળી જીવન જીવવાની ધેલછા, જો મર્યાદિત આવક હોય તો કુટુંબ પાયમાલી તરફ જતા વાર લાગતી નથી,
હાલના સંજોગોમાં દરેક માતાપિતા જો મર્યાદિત આવકના
સ્તોત્ર મા લગામ અર્થાત નિવારી શકાય તેવા ખર્ચ પર પોતાના સંતાનો પર આધુનિક યુગમાં ધ્યાન આપવુ જ પડશે, આત્મવિશ્વાસ નો અભાવ, અને ભગવાન પ્તયે અવિશ્વાસ થી ભાવિ પેઢી પીડાયછે,

ડો અનિરૂદ્ધ વ્યાસ
કેનેડા એડમનટન

---

NOG SS NO : 117

વિષય : દેશ - વિદેશ માં ગુજરાતીઓ નો દબદબો, અને બદલાતી સામાજિક આધુનિક શૈલી

પ્રકાર : ગદ્ય

શીર્ષક : ' આધુનિક જીવનશૈલી નું ગાંડપણ '

આજે દુનિયાનું એક પણ સ્થળ એવું નથી જ્યાં ભારતીયો એ પોતાનું સ્થાન ન લીધું હોઈ. આ બાબત ખુબ સારી અને ગર્વ અપાવનારી છે. પણ એ લોકો આપણી સંસ્કૃતિને, આપના સંસ્કારોને, આપણા રીત - રિવાજો ને ભૂલતા જાય છે;અને પશ્ચિમી સંસ્કૃતિ ને અપનાવતા જાય છે. જો સૂરજ પણ પશ્ચિમ તરફ જઈને અંધારુ જ આપવાનો હોઈ , તો આપણે મનુષ્યોની શી વિશાત ?

જેમ પશ્ચિમી લોકો આપણી સંસ્કૃતિ, આપણાં ગ્રંથો, આપણું આયુર્વેદ, આપણાં રિતી - રિવાજો ,આપણાં ધર્મ, આપણાં ખોરાક જેવી અનેક બાબતો નો ઊંડો અભ્યાસ કરીને તેને સંપૂર્ણપણે અપનાવી રહ્યા છે, અને તેમની જીવનશૈલી ને બદલી રહ્યા છે; તો આપણે કેમ એમની એ તરછોડાયેલી જીવનશૈલી ને અપનાવી રહ્યા છીએ ?

વિદેશ માં અત્યારે સહકુટુંબ ની નવી પ્રથા ચાલુ થઈ છે.ત્યાં બાળકો ને સહકુટુંબ અને સંબંધો વિશે ભણાવવામાં આવે છે. અને અહીંયા ? બાળકો જન્મ થી જ માતાને તેના ઘરના વડીલો પ્રત્યે ના અણગમા વિશે સાંભળતા આવ્યા છે.અને વિભક્ત કુટુંબ જોતા આવ્યા છે.

વિદેશ માં લોકો વેગન ફૂડ અને સંપૂર્ણ સાત્વિક ખોરાક ને અપનાવતા થયા છે.તો અહીંયા ? જંકફુડ અને નોનવેજ ફૂડ નું માર્કેટ વધી રહ્યું છે.

વિદેશ માં લોકો સંસ્કૃત ભાષા શીખતા થયા છે. અને હરે રામ..હરે કૃષ્ણ ની ધૂન ગાતા થયા છે. તો અહીંયા ? લોકોને માતૃભાષા ની બદલે વિદેશી ભાષા નું ઘેલું લાગ્યું છે.અને ઇંગ્લિશ ન આવડતું હોય તો તેને જોબ પણ નથી મળતી.

વિદેશ માં રિસર્ચ થયું છે કે, હાથ થી જમવું એ ખુબ સારી બાબત છે. એ માત્ર તમારા શરીરને ખોરાક નથી પૂરું પાડતું પણ, મનને સંતોષ અને શાંતિ નો અનુભવ પણ કરાવે છે. અને આપણે ? હજી પણ કાંટા ને ચમચી માં જ રમીએ છીએ.

આવા તો કેટલાય ઉદાહરણ જે સમજાવે છે કે, ભારતીય સંસ્કૃતિ ને અપનાવવી એ ગર્વની વાત છે.જોવા જઈએ તો આમાં ક્યાંક ને ક્યાંક ભૂલ તો આપણી જ છે. જેમ લોખંડ ને કોઈ પણ વસ્તુ ની અસર નથી થતી; પણ તેનો પોતાનો જ કાટ તેને બગાડે છે,એમ આપણું પણ કંઈક એવું જ છે. આપણી જ વિચારસરણી અને આપણી જ માનસિકતા છે,જે આપણને બગાડી રહી છે.જે આપણું ધ્યાન પશ્ચિમી સંસ્કૃતિ તરફ દોરી રહી છે.

ભારતીય સંસ્કૃતિ અને રીત - રિવાજ ના ભોગે વિદેશી સંસ્કૃતિ અપનાવાઈ રહી છે તે કેટલા અંશે યોગ્ય છે ??

- મેઘના કામદાર

# ખબરદાર જો કોઈએ સોનાચાંદીના રસ્તાની માંગણી કરી છે, તમારી ખેર નહીં રહે: રાજુ રદીની ધમકી!!

"રાજુ .આજકાલ તે કાંઇ અરજીબરજી કરી છે?" મેં ગુસ્સે થઇને રાજુને પૂછયું " શેની અરજી ? કેવી અરજી? કોને અરજી?" રાજુના દિમાગમાં શ્રાવણ માસમાં આયોજિત સેલની અસર રહે છે. જેમાં એક શર્ટ કે એક પેન્ટ ખરીદનારને એક કે બે શર્ટ-પેન્ટ ફ્રી મળે છે!મહાસેલ કે મેગાસેલના મુડમાં રાજુ રદીએ મારા એક સવાલના બદલામાં ત્રણ સવાલ પૂછ્યા!!

" રાજુ મહાનગરપાલિકા ગયો હતો?" મેં પૂછયું

" ગિરધરભાઇ ત્યાં દુલ્હન પસંદગી કાર્યક્રમ હતો?" રાજુએ સામો સવાલ.

" રાજુ સુથારનું ચિત બાવળિયે હોય તેમ રાજુનું ચિત છોકરીએ રાખવાનું? એડવાન્સ ટેક્સ ભરવા મહાનગરપાલિકા ન જઇ શકે??" મેં વેલિડ સવાલ રેઈઝ કર્યો!

"ગિરધરભાઇ તમને ખબર છે અમદાવાદને ગર્દાબાદ કહેતા હતા. અમદાવાદનો સ્માર્ટ સિટીમાં સમાવેશ કર્યો છે. આપણને મોટી આશા હતી કે હવે અમદાવાદ લંકાની જેમ સોનેરી નગરી થઇ જશે .અલબત, સોનાની લંકામાં રસ્તા સોના, ચાંદી, રજતના બનેલા હતા કે કેમ તેના પર રામાયણમાં સ્પષ્ટતા નથી. એ સમયમાં રસ્તા તળાવમાં પલટાઇ જાય કે રસ્તા પર ચાલતો રથ અચાનક નવજાત ભૂવામાં ગરકાવ એવું બનતું હતું કે કેમ તેને પણ ઉલ્લેખ નથી. ચોમાસામાં સોસાયટી પાણીમાં ગરકાવ થતી કે કેમ તેની પણ વિગતો નથી.ઘરોમાં ચીજવસ્તુ તરતી કે કેમ? લોકો ખોબાથી પાણી ઉલેચતા કે બાહુબલી ફિલ્મ જેમ દાંતાવાળા ઉરાંગઉટાંગ મશીનો કામે લગાડતા હતા? આનો ખર્ચ રાજયનિધિમાંથી વરસાદ સદરે ઉધારતાં હતા કે પદરના ખર્ચે પાણીનો નિકાલ કરવો પડતો,અંડરપાસમાં કેડ સમાણા કે માથોડા પાણી ભરાતું હતું તે પણ સ્પષ્ટ નથી. વરસાદ અડધો કલાક પડે અને શહેર મહિના સુધી ડામાડોળ થઇ જાય!!"રાજુએ કહ્યું.

"રાજુ. દેશના શહેરોને સ્માર્ટ સિટી બનાવવાના હેતુઓ ભૂલાય ગયા છે. રસ્તા પર ઢોરો અડિંગો જમાવી દે છે રસ્તાની કિનારે પાણીના ખાબોચિયા તળાવની ગરજ સારે છે" મેં શહેરીજનોની વ્યથા વર્ણવી.

"હબસીના સો છોકરા વચ્ચે સુંદર છોકરાની સ્પર્ધા રાખો એવી વાત સ્માર્ટ સિટીની છે. શાંઘાઇ, ટોકિયો, પેરિસ, સિંગાપુર,દુબઇ , વોશિંગ્ટન, ન્યુયોર્ક શહેરના આંતરમાળખાકીય વ્યવસ્થાપન, ટ્રાફિક નિયમન, પબ્લિક ટ્રાન્સપોર્ટેશન, ગટર વ્યવસ્થાપન વચ્ચે સ્પર્ધા હોય તો સ્પર્ધા તંદુરસ્ત ગણાય!" રાજુએ કહ્યું

૦સારા, મજબુત, ટકાઉ રસ્તા બનાવવાની જગ્યાએ કોન્ટ્રીકટર સાથે મિલીભગત કરી તકલાદી રસ્તાઓ બનાવો અને પાછા ટણી કરો કે સ્માર્ટ સિટીમાં સોના, ચાંદીના રસ્તા ન હોય. અરે બેવકૂફ કોઈએ આવા રસ્તાની માંગણી કરી હોય તો નામ જાહેર કરો. પછી ઘટ્યા બોલવા મો ખોલો!!!"મેં આક્રોશ વ્યક્ત કર્યો!!


ખબરદાર જો કોઇએ સોનાચાંદીના રસ્તાની માંગણી કરી છે, તમારી ખેર નહીં રહે તેવી રાજુ રદીની ખુલ્લેઆમ જાહેર-ખાનગી ઘમકી આપી દીધી!!

ભરત વૈષ્ણવ

---

ખાલી
શ્વાસનો લખલૂંટ,
ખજાનો ખાલી છે.
ગાલ પર કદાચ,
એટલે લાલી છે!
પ્રેમ કરવા શું,
ઉંમર બાલી છે?
રોકવા મથ્યો ઘણું,
જીંદગી ચાલી છે!
અભાવો વચ્ચે,
જિંદગી મ્હાલી છે.
કલ્પના કપડા ન,
પહેરે તો નાગી છે
ગાજરની પિપુડી,
વાગી તો વાગી છે!
ભરત વૈષ્ણવ
૨૩.૭.૨૦૨૨.

# અત્યાર સુધીમાં ૯૦૦૦ ગાય, ભેંસને અર્હમ યુવા સેવા ગ્રુપ અને એનિમલ હેલ્પલાઈન દ્વારા નિ:શુલ્ક રસી અપાઈ



રાજકોટ, કચ્છ, સુરેન્દ્રનગર જિલ્લામાં ગૌશાળાઓ - પાંજરાપોળોમાં તથા બિનવારસી ગાય, ભેંસમાં લમ્પી વાયરસની નિ:શુલ્ક સારવાર કરતું અર્હમ યુવા સેવા ગ્રુપ અને એનીમલ હેલ્પલાઈન

ગૌ ધન, ભેંસમાં લમ્પી સ્કીનનો રોગ શરૂ થયો છે. સારવાર કરવાથી આ રોગને કાબૂમાં લઈ શકાય છે. આ રોગથી કોઈપણ વ્યકિતને ડરવાની જરૂરી નથી કારણ કે આ રોગ માત્ર પશુઓમાં જ જોવા મળે છે. લમ્પી સ્કીન ડીસીઝ એ એક ગંભીર રોગ થઈ શકે (જો પુરતી સારવાર ન મળે તો) તે પ્રકારનો વાયરલ રોગ છે. જે ગાય અને ભેંસમાં વધુ જોવા મળે છે. આ રોગનો ફેલાવો ખાસ કરીને પ્રત્યેક્ષ કે પરોક્ષ રીતે જે પશુને આ રોગ થયો છે તે બીજા પશુઓના સંપર્કમાં આવવાથી ફેલાય છે ખાસ કરીને જંતુઓ અને મચ્છરથી વધુ ફેલાવો થાય છે.આ રોગના મુખ્ય લક્ષણો ચામડીમાં ગાંઠ થવી, ઉચ્ચ તાવ આવવો, નબળાઈ આવવી, પશુઓનું ખાવા-પીવાનું છોડી દેવું, લાળ પડવી, ચામડી પર અલ્સર પડવા, આ રોગને નિયંત્રણમાં લાવવા માટે ઈન્ફેકશન થઈ ગયું તેવા પશુઓને અલગ કરવા અને તુરંત જ પશુ ડોકટરનો સંપર્ક કરીને સારવાર કરાવવી. રાજકોટમાં રસ્તે રઝડતા, નિરાધાર પશુઓમાં તેમજ ગૌ શાળા, પાંજરાપોળમાં આ પ્રકારના લક્ષણો જોવા મળે તો તુરંત જ અર્હમ યુવા સેવા ગ્રુપ અને શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ એનીમલ હેલ્પલાઈન, રાજકોટ (મો.૯૮૯૮૦ ૧૯૦૫૯ / મો. ૯૮૯૮૯૯૪૯૫૪) પર સંપર્ક કરવાથી રાજકોટમાં નિ:શુલ્ક તબીબી સારવાર મળશે. અથવા ગુજરાત સરકારની કરૂણા એમ્બ્યુલન્સ નાં ટ્રોલ ફ્રી નં. ૧૯૬૨ પર સંપર્ક કરી શકાશે. અથવા નજીકના સરકારી પશુ દવાખાનાનો સંપર્ક કરીને આ પ્રકારના રોગની આપની આસપાસ રસ્તે-રઝડતા પશુઓની સારવાર કરાવવી. અત્યાર સુધીમાં એનિમલ હેલ્પલાઈન દ્વારા શેણી એનિમલ હેલ્પલાઈન, શ્રીજી ગૌશાળા, સદભાવના બળદ આશ્રમ, રાજકોટ મહાજન પાંજરાપોળ , કામધેનુ ગૌશાળા, વિશ્વનીડમ ગુરુકુલમ્ – ઈશ્વરીયા, વિજયાવંત ગૌ શાળા, કામધેનુ ગૌશાળા – કોઠારીયા, મામાપીર ગૌશાળા કોઠારીયા, બટુક મહારાજ ગૌશાળા, ગાયત્રી આશ્રમ રતનપર, રામચરિત ગૌશાળા રતનપર, ચંદ્ર મોલેશ્વર ગૌશાળા, ઓમ શાંતિ ગૌશાળા, નંદિની ગૌશાળા, સુરભિ સંપદા ગૌ શાળા, ડેમેશ્વર મહાદેવ ગૌશાળા , ચૈતન્ય હનુમાન મંદિર ગૌશાળા , શ્રી નંદિની ગૌશાળા – રતનપર , સુખેશ્વર ગૌ શાળા – ભગવતીપરા , પુનિત ગૌ શાળા – રામનાથપરા , નિલેશ્વર ગૌ શાળા – શાપર , ગોવર્ધન ગૌ શાળા – ન્યારી ડેમ , કૃષ્ણમ સેવા ધામ ગૌ શાળા , રાધે રાધે ગૌ શાળા – બેડી ચોકડી , મા ગૌરી ગૌ શાળા , પાંજરાપોળ ગૌ શાળા મોટા વડાલા જેવી ગૌ શાળાઓમાં તેમજ રાજકોટ શહેર વિસ્તારના બિનવારસી બળદ તથા શાપર , કુવાડવા તથા ચોટીલા અને તેની આસપાસના વિસ્તારોમાં ૩૫૦ જેટલા બિનવારસી પશુઓને રસીકરણની સાથે સાથે લમ્પી રોગની સારવાર કરીને મોતના મુખમાંથી બચાવ્યા છે. તેમજ કચ્છ જિલ્લામાં લમ્પી રોગના કારણે સ્થિતિ ખૂબ જ ગંભીર હોય ,એનિમલ હેલ્પલાઈનની ટીમ દ્વારા કચ્છ જિલ્લા અને ગ્રામ્ય વિસ્તારમાં રસીકરણ તેમજ નિદાન કેમ્પ કરી રહી છે. સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ ગૌશાળાઓ - પાંજરાપોળોમાં જઈને ગાય અને ભેંસને લમ્પી રોગની નિ:શુલ્ક રસી મૂકવામાં આવે છે. અત્યાર સુધીમાં ૯૦૦૦ થી વધુ લમ્પી રોગની નિ:શુલ્ક રસી મુકાવવામાં આવી છે. અર્હમ યુવા સેવા ગ્રુપ અને કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ – એનિમલ હેલ્પલાઇન, રાજકોટ ના આ ભગીરથ કાર્યમાં રાષ્ટ્ર સંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબનાં સતત આશીર્વાદ મળી રહ્યા છે.

લમ્પી વાયરસ અંગે સારવાર કરાવવા અર્હમ યુવા સેવા ગ્રુપ અને શ્રી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ–એનીમલ હેલ્પલાઈન, રાજકોટ મો.૯૮૯૮૦ ૧૯૦૫૯ / મો. ૯૮૯૮૯૯૪૯૫૪ નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# ‘દીપ-અમાસ’ (દિવાસો)નું વૈજ્ઞાનિક કારણ અને તેનું મહત્ત્વ

સહસ્રો વર્ષોની પરંપરા ધરાવતા આપણાં ધર્મમાં એની પાછળ રહેલું વિજ્ઞાન પણ સમાયેલું છે જ. અગાઉ આ દિવસે માંસાહાર કરીને ગૌરી (દેવી)-ભોજન સુધી માંસાહાર બંધ રાખવામાં આવતો હતો. પ્રાણીઓના શરીરમાંથી વિશ?વભરમાં ફેલાયેલો કોરોના લાખો લોકોના પ્રાણ લઈ રહ્યો છે. ઓછામાં ઓછું આવનારા વરસાદના દિવસોમાં માંસાહાર બંધ રાખવાની તીવ્ર આવશ?યકતા અને આપણી પ્રથાઓ આપણા પૂર્વજોએ કેટલી અગમચેતી રાખીને આયોજિત કરી છે, એ આ બાબત પરથી વિશેષતાથી રેખાંકિત થાય છે.

૧. ભીના વરસાદી વાતાવરમાં માંસાહારનું પાચન બરાબર થતું નથી.

૨. ઘણાંખરાં પ્રાણીઓનો આ સમય એટલે પ્રજનનકાળ હોય છે. આ જ સમયગાળામાં પ્રાણીઓની હત?યા કરવામાં આવે, તો નવા પ્રાણીઓનો જન?મ થશે જ નહીં. આની સમગ્ર નિસર્ગ ચક્ર પર જ અવળી અસર થાય છે. તેથી કોળી (માછીમાર) ભાઈઓ આ સમયગાળામાં માછીમારી કરતા નથી અને શાસનતંત્ર દ્વારા પણ માછીમારી કરવા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.

૩. આ દિવસોમાં બહારના ભેજવાળાં વાતાવરણને કારણે પ્રાણીઓના શરીરની અંદર અને ચામડી પર અનેક જીવલેણ જંતુઓ હોવાની શક્યતા હોય છે. માંસાહારી પદાર્થો રાંધતી વેળાએ જંતુઓનો સંપૂર્ણ નાશ ન થવાથી તેમનો પણ ખાનારાઓને ત્રાસ થઈ શકે છે. ૪. આજે વિવિધ રસીઓ, અત?યંત અસરકારક પ્રતિજૈવિકો (ઍન?ટિ-બાયોટિક્સ) અને દવાઓ ઉપલબ?ધ હોવા છતાં પણ વિવિધ ચેપી ઘટકો પર અંકુશ મૂકવાનું અઘરું બન?યું છે, અનેક ઘાતક રોગોના જીવલેણ રોગચાળાં આ પ્રાણીઓના શરીર પર વધતાં જનારા જંતુઓને કારણે ફેલાય છે; તેથી આ દિવસોમાં માંસાહાર ટાળવાથી જંતુઓનો ચેપ લાગવાનો ભય અલ?પ થાય છે.

દીપ-અમાસથી શાકાહાર કરવા પાછળનાં શાસ?ત્રીય કારણો

૧. અત?યંત દુર્લભ અને પ્રકૃતિને પોષક એવી અનેક શાકભાજીઓ આ જ સમયગાળામાં ઊગે છે. સમગ્ર વર્ષ દરમ?યાન આ શાકભાજીઓ ફરીથી જોવા મળતી નથી. શાકાહાર કરવાથી આવી શાકભાજીઓ આપમેળે ખવાય છે.

૨. માંસાહારની સરખામણીમાં શાકાહારનું આ દિવસોમાં સરખું પાચન થાય છે.

૩. વિવિધ ઉપવાસના દિવસોમાં આરોગવામાં આવનારા કંદમૂળોના આહારથી તેમાં રહેલાં અનેક દુર્લભ ખનિજ-દ્રવ?યો અને ઉપયોગી પોષક ઘટકોનો શરીરને આપમેળે લાભ થાય છે.

૪. કાયમ માંસાહાર કરનારાઓની પચનસંસ્થા પર નિત્ય આવનારો તણાવ આ શાકાહારી ફેરફારને કારણે કેટલાક સમય માટે અલ?પ થાય છે.

આવાં સર્વ કારણોને લીધે દીપ-અમાસ સાથે ધાર્મિક આચારનો સાથ આપવાથી આપમેળે નિસર્ગનું સમતોલન સાધ?ય થાય છે.

સૌજન્ય : સામાજિક સંકેતસ્થળ અને સનાતન સંસ્થા સંકેતસ્થળ

સંપર્ક : ૯૭૨૬૬૪૪૩૮૫

# રાષ્ટ્રપતિની વાતોથી પ્રભાવિત થયો છું,આશા છે કે તેમણે જે કહ્યું છે તેના પર ખરા ઉતરે : અશોક ગહલોત

,જેયપુર,તા.૨૬

રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહલોતે રાષ્ટ્રપતિ પદની સોગંદ લીધા બાદ દ્રોપદી મુર્મૂ દ્વારા આપવામાં આવેલા ભાષણની પ્રશંસા કરતા કહ્યું કે તેમની વાતોથી પ્રભાવિત થયો છું અને આશા કરૂ છું કે તેમણે જે કહ્યું છે તેના પર તેઓ ખરા ઉતરશે.

ગહલોતે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું કે અમે સોગંદવિધીમાં ભાગ લીધો અમને ખુબ સારૂ લાગ્યું.તેમના (મૂર્મૂ)ના વિચારો પણ સારા હતાં તેમનું જે ભાષણ છે તેના એક એક શબ્દ ગજબનો હતો હું ખુબ પ્રભાવિત થયો.એક આદિવાસી મહિલાએ જેમણે પોતાની ભાવના પ્રકટ કરી છે તે પ્રશંસનીય છે.

# ગુજરાત સ્ટેટ અન્ડર-૧૧ (ઓપન એન્ડ ગર્લ્સ) સિલેક્શન ફોર નેશનલ ચેસ ચેમ્પીયનશીપ-૨૦૨૨



સ્થળ : તીર્થ ચેસ કલબ, ગાંધી આશ્રમની સામે, અમદાવાદ

તારીખ : ૨૩.૭.૨૦૨૨ અને ૨૪.૭.૨૦૨૨

ઉપરોક્ત ટુર્નામેન્ટનું આયોજન ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન દ્વારા તા.૨૩ અને ૨૪ જુલાઈ, ૨૦૨૨ના રોજ તીર્થ ચેસ કલબ, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. આખરી પરિણામો નીચે મુજબ રહ્યા હતા.

બોયઝ:
૧) વિવાન વી. શાહ - ૬.૫ પોઈન્ટ
૨) જ્વલ એસ. પટેલ - ૬ પોઈન્ટ
૩) જિઆન ગોંડલીયા - ૫.૫ પોઈન્ટ
૪) સમર્થ વરીયર - ૫.૫ પોઈન્ટ
૫) વંશ ધેલાણી - ૫.૫ પોઈન્ટ

ગર્લ્સ:
૧) હાન્યા શાહ - ૫.૫ પોઈન્ટ
૨) અદીત્રી શોમે - ૫ પોઈન્ટ
૩) દિના પટેલ - ૫ પોઈન્ટ
૪) રેયા બેન્કર - ૪.૫ પોઈન્ટ
૫) અર્પિતા પાટણકર - ૪.૫ પોઈન્ટ

મયૂર પટેલ (વાઈસ પ્રેસીડન્ટ, ગુજરાત સ્ટેટ ચેસ એસોસીએશન) દ્વારા પ્રથમ પાંચ વિજેતા ખેલાડીઓને (પ્રત્યેક કેટેગરીમાંથી) ટ્રોફીઓ દ્વારા તેમજ રોકડ ઈનામો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા અને ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા. પ્રથમ બે શ્રેષ્ઠ ખેલાડીઓ (પ્રત્યેક કેટેગરીમાંથી) હરિયાણા ખાતે રમાનાર નેશનલ ટુર્નામેન્ટમાં ગુજરાત રાજયનું પ્રતિનિધિત્વ કરશે.

# ૨૮ જૂલાઈ, વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ

પ્રકૃતિ, ઈશ્વરની પ્રતિકૃતિ
વૃક્ષમ શરણમ ગચ્છામિ

જળ, જંગલ, જમીન, જનાવર આ ચારેય વગર જન કલ્પના અને કુદરતની કલ્પના કરવી અશક્ય છે. જંગલ છે તો વન્ય જીવ છે. જળ છે તો જળીય જીવોનું અસ્તિત્વ છે અને આપણા માટે તો જળ એ જ જીવન છે. વિશ્વમાં સૌથી સમૃદ્ધ દેશ એ જ છે જયાં જળ, જંગલ, જમીન અને જનાવર પર્યાપ્ત માત્રામાં હોય. આપણો દેશ નદીઓ, જંગલ અને વન્ય જીવ માટે વિશ્વભરમાં પ્રસિદ્ધ છે. પ્રકૃતિ સુરક્ષિત રહેશે ત્યારે જ જીવન ટકી રહેશે અને પ્રકૃતિ પ્રત્યેની જાગરૂકતાના હેતુથી દર વર્ષે ૨૮ જુલાઈએ વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસ મનાવવામાં આવે છે.

વધતા જતા શહેરીકરણનાં કારણે આપણે જોઈએ છીએ કે દિવસે દિવસે વૃક્ષોની સંખ્યા ઓછી થતી જાય છે. જંગલો કપાતા જાય છે જેનાથી માત્ર માણસોને જ નહીં પરંતુ વન્ય જીવોને પણ નુકસાન થઈ રહ્યું છે. જો આપણે માત્ર એટલો વિચાર કરીએ કે કોઈ આપણી પાસેથી આપણું ઘર છીનવી લે તો ? એથી વિશેષ જેમની પાસે ખરેખર રહેઠાણની વ્યવસ્થા નથી એમને ફૂટપાથ પર કે જુદા જુદા સ્થળે ઝુપડી બાંધીને રહેતા આપણે જોયા છે. એમના સ્થાને ક્યારેક સ્વ ને અનુભવીને આપણે એમને માટે કરુણા અનુભવી શકતા હોઈએ છીએ. ખેર,આ તો મનુષ્ય છે જે એક એવું સંસારિક પ્રાણી છે જે બોલી શકે છે, કામ કરી શકે છે, કમાઈ શકે છે, પણ પ્રાણીઓ ! આપણે દિવસે દિવસે જંગલો કાપીને પ્રાણીઓનાં નિવાસ સ્થાન છીનવી રહ્યા છીએ, પ્રકૃતિને ઉત્સાહભેર નુકસાન કરી રહ્યા છીએ. હા એક વાત છે આપે એ તો જોયું જ હશે કે હમણાં હમણાં વન્ય જીવોના કોઈ ગામમાં કે શહેરમાં પ્રવેશ કરવાનાં કિસ્સા હવે પહેલા કરતા વધુ થઈ રહ્યા છે. અહીં એમ કહેવાય છે કે વન્યજીવોએ કોઈ ગામમાં,વિસ્તારમાં ઘુસણખોરી કરી છે પરંતુ ખરી વાત તો એ છે કે મનુષ્યયે એના ઘરમાં ઘુસણખોરી કરી છે, કારણ કે વધતા જતા આધુનિકરણની પાછળ અહીં તહીં બંગલા, ઓફિસો બનાવવામાં વૃક્ષો કાપતા જઈએ છીએ. શહેરો લંબાતા જાય છે અને ગામડાઓ એમાં વિલીન થતા જાય છે. રોજ રોજ નવા રોડ રસ્તા બનાવવામાં, ઈન્ડસ્ટ્રીઝ ઉભી કરવામાં કેટકેટલાં વૃક્ષોનો ભોગ લેવાય રહ્યો છે.વિશ્વ પ્રકૃતિ સંરક્ષણ દિવસનો હેતુ પ્રકૃતિનાં સંરક્ષણ માટે જરૂરી પગલાં લેવાનો છે. પ્રકૃતિમાં અસંતુલન સર્જાવાને કારણે જ આપણે કુદરતી હોનારતનો સામનો કરવો પડે છે. ગ્લોબલ વૉર્મિંગ, મહામારીઓ, કુદરતી આપત્તિઓ, તાપમાનનું વધવું વગેરે જેવી સમસ્યાઓ પ્રકૃતિમાં અસંતુલન સર્જાવાને કારણે જ થાય છે. કુદરતનું સંવર્ધન કરવા માટે કાયમી વિવિધ ઉપાયો કરતા રહેવું જરૂરી છે.

જંગલો ન કાપવા જોઈએ. વધુમાં વધુ વૃક્ષ વાવવા જોઈએ.

પાણીનો બગાડ ન કરવો જોઈએ.

